॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ


# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૬ • વર્ષ : ૩ • અંક : ૩ • ફેબ્રુઆરી ૨૦૨૦

## શિલાલેખો : બ્રાહ્મી લિપિનો એકમાત્ર સ્રોત

**મુનિશ્રી વૈરાગ્યરતિવિજય ગણી**

વર્તમાન ભારતની તમામ લિપિઓનો ઉદ્‌ભવ **બ્રાહ્મી** લિપિથી થયો છે તેમ છતાં ભારતમાં બ્રાહ્મી લિપિમાં લખાયેલ ગ્રંથ જોવા મળતો નથી. ભારતમાં બ્રાહ્મી લિપિ શિલાલેખોમાં લખાયેલી જોવા મળે છે. શિલાલેખો ત્રણ પ્રકારના છે. **શિલાલેખ, સ્તંભલેખ અને ગુફાલેખ.** શિલાલેખ એટલે શિલા ઉપર લખાયેલા લેખ. મંદિરના કે સ્તૂપના થાંભલા ઉપર લખાયેલા લેખને સ્તંભલેખ કહેવાય છે. ગુફામાં લખાયેલા લેખને ગુફાલેખ કહેવાય છે. વર્તમાન બ્રાહ્મી લિપિનો એકમાત્ર સ્રોત આ અભિલેખો છે. આ અભિલેખો બ્રાહ્મી તેમ જ ખરોષ્ઠી લિપિમાં લખાયા છે. વર્તમાનમાં લખાયેલો સહુથી જૂનો લેખ ૨૩૦૦ વરસ પહેલાનો છે. તે નેપાળમાં પિપરવા ગામમાં એક સ્તૂપ પર જોવા મળે છે. તે સમ્રાટ અશોકના સમય પહેલાનો છે. ઇતિહાસકારો તેને ઈસવીસન પૂર્વ ચોથી સદીનો માને છે.



બ્રાહ્મી લિપિ શિલાલેખ જૂનાગઢ

સમ્રાટ અશોકે પ્રજાને રાજશાસન જણાવવા શિલાલેખોનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કર્યો. જ્યાં બહુસંખ્ય લોકોની અવરજવર રહેતી હોય તેવાં સ્થળે રાજમાર્ગો પર તેણે શિલાઓ ઉપર રાજાજ્ઞાઓ કોતરાવી. તેમાં પોતાની નીતિઓ અને ભાવનાઓ વ્યક્ત કરી. સુશાસન માટે આવશ્યક એવાં મૂલ્યો કોતરાવ્યાં. આ અભિલેખોની ભાષા પ્રાકૃત હતી. પાછળથી સંસ્કૃત ભાષા પણ ઉમેરાઇ.

સમ્રાટ અશોકે લખાવેલા ચૌદ શિલાલેખો મળે છે. આ શિલાલેખોના સંદેશ વર્તમાન સમયમાં પણ એટલા જ પ્રસ્તુત છે. તેમાંના કેટલાક શિલાલેખોના સારનું અવગાહન કરીએ.




બ્રાહ્મી લિપિ સ્તંભલેખ

સમ્રાટ અશોકે પોતાના શાસનના બારમા વર્ષે (ઈસવીસન પૂર્વ ૨૫૭) ગિરનારમાં શિલાલેખ કોતરાવ્યો છે. તેમાં જણાવ્યું છે કે- **માતા-પિતાની સેવા કરવી ઉત્તમ છે. મિત્ર,પરિચિત, જાતિ, બ્રાહ્મણ અને શ્રમણને દાન આપવું ઉત્તમ છે. પ્રાણિઓની હત્યા ન કરવી ઉત્તમ છે. ખર્ચ ઓછો કરવો અને સંગ્રહ ઓછો કરવો ઉત્તમ છે.**

ગિરનારના અન્ય શિલાલેખમાં જણાવ્યું છે કે- **શીલ વિનાની વ્યક્તિ ધર્મનું આચરણ કરી શકે એ સંભવિત નથી.**


શાસનના તેરમા વર્ષે (ઈસવીસન પૂર્વ ૨૫૬) છટ્ઠા શિલાલેખમાં સમ્રાટ અશોકે પોતાનાં કર્તવ્યોની વાત કરી છે. તેમાં જણાવ્યું છે કે- **લોકોના હિતની સાધના જ મારું મુખ્ય કર્તવ્ય છે. લોકોની ભલાઇથી શ્રેષ્ઠ કામ કોઇ નથી.**

આ જ વર્ષે લખાયેલા સાતમા અને બારમા શિલાલેખમાં જણાવ્યું છે કે- **બધા જ ધાર્મિક સંપ્રદાયો પ્રત્યે નિષ્પક્ષભાવ રાખવો. બધા જ સંપ્રદાયોમાં કોઇક સારો ગુણ અવશ્ય છે.**



સારનાથ સ્તૂપ

**દેવોને પ્રિય પ્રિયદર્શી રાજા અશોક દરેક સંપ્રદાયના ગૃહત્યાગી અને ગૃહસ્થોનું સન્માન કરે છે. તેમ જ દાન અને વિવિધ પ્રકારે તેમની પૂજા કરે છે. રાજા અશોક પૂજા કરતા પણ દરેક સંપ્રદાયના સારમાં વૃદ્ધિ થાય તેમ ઇચ્છે છે. તે તો જ થાય જો વાણી પર નિયંત્રણ આવે. કારણ વગર કોઇ પોતાના સંપ્રદાયની વડાઈ અને અન્ય સંપ્રદાયની નિંદા ન કરે. પ્રસંગે પ્રસંગે તેમની વચ્ચે નાની નાની વિચારણાઓ થતી રહે. પ્રસંગે અન્ય સંપ્રદાયની પ્રશંસા કરવી. આવો વ્યવહાર કરનાર વ્યક્તિ પોતાના સંપ્રદાયની ઉન્નતિ કરે છે અને અન્ય સંપ્રદાય પર ઉપકાર કરે છે. આનાથી વિપરીત કરનાર વ્યક્તિ પોતાના સંપ્રદાયની અવનતિ કરે છે અને અન્ય સંપ્રદાય પર અપકાર કરે છે. પોતાના સંપ્રદાયની આસક્તિને કારણે જે આત્મપ્રશંસા અને અન્ય સંપ્રદાયની નિંદા કરે છે તે પોતાના સંપ્રદાયને બહુ મોટું નુકસાન કરે છે. આથી દરેક સંપ્રદાયની વચ્ચે સામંજસ્ય જ શ્રેષ્ઠ છે. દરેક સંપ્રદાય પોતાનો ધર્મ કહે અને બીજાનો ધર્મ સાંભળે. દેવોને પ્રિય પ્રિયદર્શી રાજા અશોકની એ ભાવના છે કે- દરેક સંપ્રદાયવાળા વિદ્વાન બને અને કલ્યાણના ભાજન બને. તેનાથી જ પોતાના સંપ્રદાયની ઉન્નતિ અને ધર્મનો ફેલાવો શક્ય છે.** આ લેખ શાહબાઝગઢીમાં (પંજાબ, હાલ પાકિસ્તાન) છે અને તે ખરોષ્ઠી લિપિમાં છે.



બ્રાહ્મી લિપિ શિલાલેખ


કાલ્સીમાં લખાયેલા અગિયારમા શિલાલેખમાં જણાવ્યું છે કે- **ધર્મના દાન જેવું ઉત્તમ દાન નથી. ધર્મની પ્રશંસા જેવી ઉત્તમ પ્રશંસા નથી. ધર્મના વહેંચવા જેવું ઉત્તમ કામ નથી. ધર્મના સંબંધ જેવો ઉત્તમ સંબંધ નથી. પોતાના દાસ કે નોકરિયાતને સારી રીતે સાચવવા, માતા-પિતાની સેવા કરવી, મિત્ર,પરિચિત, જાતિ, બ્રાહ્મણ અને શ્રમણને દાન આપવું, પ્રાણિઓની હત્યા ન કરવી એ ઉત્તમ છે.**

શાસનના આઠમા વર્ષે (ઈસવીસન પૂર્વ ૨૬૧) તેરમા શિલાલેખમાં જણાવ્યું છે કે- **જે કોઇ તમારું ખરાબ કરે દેવોને પ્રિય પ્રિયદર્શી રાજા અશોકના મતે તેને માફ કરી દેવો જોઇએ. આ લોકમાં વિજયથી મળતી તૃપ્તિ કરતા પરલોકમાં મળતી તૃપ્તિને રાજા અશોક વધુ મહત્ત્વની ગણે છે.** આ લેખ શાહબાઝગઢીમાં (પંજાબ, હાલ પાકિસ્તાન) છે અને તે ખરોષ્ઠી લિપિમાં છે.

## ખરોષ્ઠી લિપિ


ખરોષ્ઠી લિપિ બ્રાહ્મી લિપિની બહેન જેવી છે. બ્રાહ્મી લિપિ ભારતની બીજી લિપિઓની જેમ ડાબેથી જમણે લખાય છે. જ્યારે ખરોષ્ઠી લિપિ જમણેથી ડાબે લખાય છે, હમણાં જેમ પર્શિયન લિપિ લખાય છે તેમ. ચીની લિપિ ઊભી લખાય છે. ખરોષ્ઠી લિપિનું નામ પ્રાચીન શાસ્ત્રોમાં બ્રાહ્મી લિપિ પછી તરત જોવા મળે છે. ચીની ભાષામાં આ લિપિ માટે શબ્દ છે કિઆ-લૂ અથવા કિઆ-લૂ-શે-નિ એનો અર્થ થાય છે ડાબેથી જમણે લખાતી લિપિ.

આ લિપિનું સાચું નામ ખરોષ્ઠી છે, ખરોષ્ઠી નથી. તેનો છેલ્લો અક્ષર ઠ નથી ટ છે. સંસ્કૃતમાં ખરોષ્ટ શબ્દ પરથી ખરોષ્ઠી શબ્દ બન્યો છે. ખરોષ્ટ શબ્દનો અર્થ છે તે નામનો એક રાજા. મથુરામાં મળેલા સિક્કાઓ ઉપર ખરોષ્ટ રાજાનું નામ જોવા મળે છે. આ લિપિ તે ઉપરથી આવી હશે તેવું અનુમાન છે.



ખરોષ્ઠી લિપિનું સાચું નામ શું છે? તે વિષે આધુનિક વિદ્વાનોમાં મતભેદ છે. કેટલાક ખરોષ્ઠી કહે છે, કેટલાક ખરોષ્ટ્રી પણ કહે છે. આ લિપિના અક્ષર ગધડાના હોઠ જેવા છે. તેની ખરોષ્ટ્રી નામ છે એવું પણ માનવામાં આવે છે.

આ લિપિ બ્રાહ્મી જેટલી જ પુરાણી છે. તેનુ પ્રચલન ઉત્તરપશ્ચિમ એટલે વર્તમાન ભારતના વાયવ્ય પ્રાંતમાં (હાલનું સિંધ, ગંધાર, પેશાવર, રાવળપિંડી, ઇરાન, ઇરાક વગેરે) રહ્યું છે. અફગાનિસ્તાન, હિંદુકુશ, ગંધારથી હિમાચલ પ્રદેશ સુધી આ લિપિનો વિસ્તાર રહ્યો. ખરોષ્ઠી લિપિનો મોટા ભાગનો વિસ્તાર હાલ પાકિસ્તાનમાં છે. ભારતમાં જમ્મુ-કાશ્મીર, હરિયાણા, હિમાચલ પ્રદેશનો વિસ્તાર હતો.



ખરોષ્ઠી શિલાલેખ શાહબાજગઢી (પાકિસ્તાન)

**ઇ.સ. પૂર્વ ત્રીજી થી છઠ્ઠી સુધી ખરોષ્ઠી લિપિ રોજબરોજમાં વ્યવહારમાં પ્રચલિત હતી. (આજથી ૨૩૦૦ થી ૨૬૦૦ વરસ પહેલા) ઇ.સ. ની સાતમી સદી સુધી (એટલે ૧૩૦૦ વરસ પહેલા) તે વ્યવહારમાં રહી.**

પહેલી સદીથી પાંચમી સદી સુધી તે બંગમાં (આજનું બાંગ્લાદેશ) પણ પ્રચલિત હતી. તેનું નામ 'પૂર્વી ખરોષ્ઠી' હતું. તેમાં બ્રાહ્મી ઓ ખરોષ્ઠીના અક્ષરો મિશ્ર હતા તેથી તે વિમિશ્રિત લિપિ બની. લલિતવિસ્તર નામના બૌદ્ધ શાસ્ત્રમાં તેને ખરોષ્ઠી-બ્રાહ્મી કહી છે. (અધ્યાય - ૧૦)

ખરોષ્ઠી લિપિ વેપારીઓ દ્વારા વહેતી વહેતી છેક થાયલંડ સુધી પહોંચી હતી. તે સમયે દ્વારાવતી નામની નગરી હતી, જે આજે થાયલંડમાં બીજા નામે છે.

તેમાં શિલાલેખન પણ મળે છે પરંતુ સિક્કાઓ વધુ મળે છે. વાયવ્ય પ્રાંતમાં અરબિક લિપિ પર ખરોષ્ઠીનો પ્રભાવ જોવા મળે છે. આ લિપિમાં લખાયેલા લેખની ભાષા પ્રાકૃત છે. સી. બાસન, જેમ્સ પ્રિંસેપ, ઇ. તોરિસ, એ. કનિંગહમ જેવા અંગ્રેજ વિદ્વાનોએ આ લિપિને ઉકેલવા પ્રયત્ન કર્યા અને ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ લિપિ ઉકેલી શકાઈ.

## પૂજ્ય મુનિશ્રી સંયમરતિવિજયજી મહારાજ : સદ્ગતિ સંપ્રાપ્તિ



**પૂજ્ય મુનિરાજશ્રી સંયમરતિવિજયજી મ.સા.** વિ. સં. ૨૦૭૬ કારતક વદ ૧૦+૧૧ શુક્રવાર તા.૨૨/૧૧/૨૦૧૯ દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તેમનું પૂર્વાવસ્થાનું નામ **સાંકળચંદજી ધુડાજી ઓસવાલ (ગોત્ર-પરમાર)** હતું. તેમનો જન્મ વિ.સં.૧૯૮૫માં માગસર સુદ આઠમના દિવસે પૂનક ગામમાં (રામસીણ પાસે) થયો હતો. વિ. સં. ૨૦૦૦માં રામસીણમાં પૂ. ઉપા. શ્રી **કેવલવિજયજી** મ.સા.ના ચાતુર્માસમાં વિશેષ ધર્મ પામ્યા. થોડા વરસ પછી પૂના આવ્યા. ત્યાં પૂ. પં. શ્રી **ચરણવિજયજી** મ. પાસે પાંચ પ્રતિક્રમણ વગેરે શીખ્યા. પૌષધ વગેરેનો મહાવરો કેળવ્યો. વિ. સં. ૨૦૩૨માં મહા સુદ ૧૦ ના દિવસે ઘરમંદિરમાં શ્રી **મુનિસુવ્રતસ્વામી** ભગવાન પધરાવ્યા. આ ભગવાન તેમણે સ્વયં જાતદેખરેખમાં ભરાવ્યા હતા. એકવાર ધંધા માટે અંકલેશ્વર ગયા હતા. ત્યાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાનું વ્યાખ્યાન સાંભળી તેમના જીવનમાં પરિવર્તન આવી ગયું. ચારિત્રના મનોરથ જાગી ગયા. પરંતુ લગ્નનાં બંધને બંધાઈ ચુક્યા હતા. પત્નીની માંદગીમાં જીવનના અંત સુધી તેમણે સેવા કરી હતી. ગૃહસ્થપણામાં તેઓ ઉંચા આરાધક હતા. ભગવાનની પૂજા, જુદા જુદા દેરાસરમાં દર્શન, પૌષધ અને તપમાં તેમણે વિશેષ વીર્ય ફોરવ્યું હતું. તેમણે પોતાનાં જીવનમાં નવ વરસીતપ, વર્ધમાન તપની ૩૧ ઓળી, નવપદજીની ૭૦ ઓળી, ચારમાસી તપ, બે વાર સિદ્ધિ તપ, ચત્તારિઅટ્ઠદસદોય તપ, મહાવીર સ્વામીના ૨૨૯ છઠ, ચોવિહાર છઠ કરીને સાત યાત્રા ૩ વખત જેવાં અનેક તપ કર્યા હતા. ભારતના લગભગ બધા તીર્થોની યાત્રા કરી હતી. લગભગ વરસમાં પાંચ મહિના પૌષ ધ કરતા. અનેક તીર્થની છ'રી પાલિત યાત્રા કરી હતી. વિ.સં. ૨૦૬૪માં પૂના શ્રાવસ્તીનાં ચોમાસા દરમ્યાન તેમને પૂ. સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ. એ સંયમ માટે પ્રેરણા કરી અને મોટી ઉંમરે પોતાનું શેષ જીવન સાર્થક કરવા તેઓ સજ્જ બન્યા. વિ.સં. ૨૦૬૫ વૈશાખ સુદ ૬ ગુરુવારના દિવસે ગોલીવાલા ભવનમાં તેમની દીક્ષા થઈ. તેઓ મુનિરાજ શ્રી **સંયમરતિવિજયજી**ના નામે મુનિરાજશ્રી **વૈરાગ્યરતિવિજયજી**ના શિષ્ય ઘોષિત થયા. વિ. સં. ૨૦૬૬ મહા સુદ ૧૪ શુક્રવારના દિવસે તેમની વડી દીક્ષા પૂ. આ. શ્રી **પૂર્ણચંદ્રસૂરીશ્વરજી** મ.સા. ના વરદ હસ્તે થઈ હતી.

દીક્ષા પછી તેમણે આરાધનાનો અભ્યાસ વધાર્યો હતો. તેઓ રોજ ૫-૬ કલાક વાંચન કરતા. રોજ ૧૦૮ લોગસ્સનો કાઉસગ્ગ બે કે ત્રણ વાર કરતા. રોજ ઉવસગ્ગહરંની ૫-૬ માળા ગણતા. રોજ ૧૫ બાંધી નવકારવાળી ગણતા. સાત વરસ સુધી નિયમિત એકાસણા ૧૪-૧૫ અને ૧૪-અમાસનો છઠ કરતા. દેરાસરમાં એકથી દોઢ કલાક પ્રભુ ભક્તિ કરતા. તેમની તપ-ત્યાગ-તિતિક્ષા અનુમોદનીય હતી.

તેમને અલ્સર, હર્નિયાની ગાંઠ, કમરમાં ફ્રેક્ચર જેવી બિમારી હતી. છેલ્લે વૃદ્ધાવસ્થાને કારણે શરીરમાં સોડીયમ ઓછું થઈ જતું હતું. તેથી અલ્પકાલીન વિસ્મૃતિ પણ રહેતી. તેમ છતાં દરેક ક્રિયામાં તેમનો ઉપયોગ સંપૂર્ણ રહેતો. છેલ્લા છ મહિનાથી તેઓ મોઢા દ્વારા ખોરાક લઈ શકતા ન હતા. અલ્સરને કારણે ક્યારેક લોહીની ઉલટી પણ થતી. તેમણે અંતિમ છ મહિનામાં પરભવની તૈયારી આરંભી દીધી હતી. દરેક વ્યક્તિ સાથે ક્ષમાપના કરી લીધી હતી. પોતાના તમામ દોષોને યાદ કરીને આલોચના કરી લીધી હતી. રોજ દિવસમાં બે વાર સમાધિ પાઠનું વાંચન કરતા. સમાધિના ગુજરાતી સ્તોત્ર વાંચતા. પોતાના આગલા ભવની ચિંતા સતત કરતા. કારતક વદ ૧૦+૧૧ના દિવસે સાંજે ૫ વાગે લોહીની ઉલટી થઈ. ત્યાર



પછી રાત્રે ૧૦ વાગે પણ લોહીની ઉલટી થઈ. તે પછી બેચેની ખૂબ વધી ગઈ. શ્રી નમસ્કાર મહામંત્ર, ચાર શરણાંનો સ્વીકાર કરાવ્યો. **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, શ્રી જિરાવલા પાર્શ્વનાથ ભગવાન, શ્રી સિદ્ધગિરિ મહાતીર્થ,** પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ., પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મ.ની છબીઓનાં ભાવથી દર્શન કર્યા. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય **નયવર્ધનસૂરિજી** મહારાજ રચિત 'સમાધિ સ્તોત્ર' સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. આ રીતે અંતિમ સમયે પરમ સમાધિ ભાવ અનુભવતા રાત્રે ૧૨.૦૫ ક. તેઓ કોઇ પણ પ્રકારની પીડા અનુભવ્યા વગર સ્વસ્થતાપૂર્વક કાળધર્મ પામ્યા.

કારતક વદ બારસ શનિવાર તા.૨૩-૧૧-૨૦૧૯ ના દિવસે સવારે ૧૧ વાગે શ્રુતભવનથી તેમની અંતિમયાત્રા નીકળી હતી. તેમાં **શ્રી ટિંબર માર્કેટ જૈન ટેંપલ ટ્રસ્ટ, આગમ મંદિર (કાત્રજ) ટેંપલ ટ્રસ્ટ, ફાતિમાનગર જૈન સંઘ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ટેંપલ ટ્રસ્ટ - માનાજી કસનાજી ધડા, શ્રી શ્રાવસ્તી જૈન સંઘ - ગુલટેકડી, હાઈડ પાર્ક પરિવાર, વર્ધમાનપુરા જૈન સંઘ** વગેરે પૂનાના વિવિધ સંઘોના ટ્રસ્ટી અને અગ્રણીઓ હાજર હતા.

પૂના હોસ્પિટલના વ્યવસ્થાપકો સુ. **દેવીચંદજી કેસરીમલજી** જૈન, સુ. **ડાહ્યાભાઈ શાહ,** સુ. **ભબુતમલ જૈન** તથા ડોક્ટરો ડો. **અજિત તાંબોળકર, રેખા ધનવાણી, ડો. સંદીપ શાહ,** કાત્રજ, **ડો. નવનાથ શિંદે** આદિએ ખૂબજ સુંદર સહકાર આપ્યો હતો. તેમની સારવારનો લાભ 'શ્રમણ આરોગ્યમ્' જિતોએ લીધો હતો. શ્રુતભવનના ટ્રસ્ટી સુ. **ભરતભાઈ,** સુ. **સચિનભાઈ,** સુ. **મનોજભાઈ,** સુ. **આશુતોષભાઈ,** સુ. **રાજેંદ્રભાઈ,** સુ. **લલિતભાઈ,** સુ. **ઓમજી ઓસવાલ, કુમારપાળભાઈ શાહ,** ફાતિમાનગર તેમ જ અનુરાગી ભક્તજનોએ તેમની સુંદર સેવા કરી. તેમના સંસારી પક્ષે સુપુત્ર સુ. **કનૈયાલાલ** તેમજ પુત્રવધુ શ્રીમતી **પુષ્પાબેને** પણ તેમનું ખૂબ ધ્યાન રાખ્યું હતું. સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ.એ પણ તેમને ઉત્તમ સમાધિ આપી હતી. સરળતા, સમર્પણ અને સહનશીલતાનો આદર્શ આપીને જનારા મુનિવરનો આત્મા પરમપદને શીઘ્ર પ્રાપ્ત કરે એ મનઃકામના.



**તા. ૨-૨-૨૦૨૦ રવિવારના દિવસે પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મ.સા. શ્રુતભવન પધાર્યા હતા. અને રાત્રિ સ્થિરતા કરી હતી.**

## સમાચાર

- તા. ૧૨-૧૦-૨૦૧૯ શનિવારના દિવસે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં શ્રુતભવનમાં વિભિન્ન વિષય ઉપર સંસ્કૃત ભાષામાં **વાક્યાર્થ સભા**નું આયોજન થયું હતું. **આ સભામાં ૬ પંડિતોના વાક્યાર્થ** થયો. ડેક્કન કોલેજના પ્રભારી કુલગુરુ **પ્રા. પ્રસાદ જોશી** સભાના અધ્યક્ષ હતા.
- તા. ૧-૧૧-૨૦૧૯ શુક્રવારના દિવસે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં શ્રુતભવનમાં **બ્રાહ્મી લિપિ પૂજન** અને **જ્ઞાનપાંચમ દેવવંદન** અને તા. ૮-૧૨-૨૦૧૯ રવિવારના દિવસે **મૌન એકાદશી પર્વ આરાધના**નો કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો.
- તા. ૧૬-૧૧-૨૦૧૯, ૩૦-૧૧-૨૦૧૯, ૧૪-૧૨-૨૦૧૯ અને ૨૮-૧૨-૨૦૧૯ શનિવારના દિવસે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં શ્રુતભવનમાં **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** (અધ્યાય-૧,૨) ઉપર સંસ્કૃત ભાષામાં સ્વાધ્યાયસભાનું આયોજન થયું હતું. આ સભામાં શ્રુતભવનના ૬ પંડિતોએ વિષય પ્રસ્તુત કર્યો.
- તા ૨૦/૨૧/૨૨-૧૨-૨૦૧૯ આ દિવસે પૂજ્ય ગુરુદેવ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર, ભવાની પેઠ**માં પોષ દશમીની આરાધના કરાવવા પધાર્યા હતા.
- તા.૨૨-૧૨-૨૦૧૯ રવિવારના દિવસે પૂજ્ય ગુરુદેવ પૂજ્ય પંન્યાસ શ્રી **વિરાગસાગરજી** મ.સા.ને મળ્યા. પૂજ્ય પંન્યાસજી મ. સાથે **શ્રુતસંરક્ષણ** વિષય ઉપર વાર્તાલાપ થયો.
- તા.૨૨-૧૨-૨૦૧૯ રવિવારના દિવસે પૂજ્ય ગુરુદેવ પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય **ધર્મધુરંધરસૂરીશ્વરજી** મ.સા. અને પૂજ્ય ઉપાધ્યાય શ્રી **યોગેંદ્રવિજયજી** મ.સા.ના દર્શનાર્થે પધાર્યા. પૂજ્ય ગચ્છાધિપતિ સાથે વિશેષ વાર્તાલાપ થયો. ત્યાં વિચાર સંગોષ્ઠી પ્રશ્ન મંચનું આયોજન થયું હતું.
- તા. ૧૧-૦૧-૨૦૨૦ શનિવારના દિવસે પૂનાના **વર્ધમાનસ્વામી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, સદાશિવ પેઠ** શ્રીસંઘમાં પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજાની પાવન નિશ્રામાં અને વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદની ઉપસ્થિતિમાં **અક્ષરશ્રુતમ્** પ્રકલ્પ અંતર્ગત સંપાદિત અને તાડપત્ર ઉપર અંકિત **ભવભાવના પ્રકરણ, બુદ્ધિસાગર** અને **સ્તોત્રસંગ્રહ** ગ્રંથોનું સંઘાર્પણ સંપન્ન થયું.
- તા. ૧૨-૦૧-૨૦૨૦ રવિવારના દિવસે સવારે **વર્ધમાનપુરા સંસ્કાર વાટિકા**ના ૫૦ છાત્રો તેના ૯ શિક્ષકો સાથે શ્રુતભવન પધાર્યા. તેમાં પૂજ્ય ગુરુદેવે **બ્રાહ્મી લિપિનો ઉદ્ગમ** વિષય પર માહિતી આપી.
- તા. ૧૮-૧-૨૦૨૦ના દિવસે શ્રી મહાવીર ડિલાઈટ જૈન સંઘની **અંજનશલાકા પ્રતિષ્ઠા** નિમિત્તે મીરા-આનંદ જૈન સંઘમાં પૂ. આ. શ્રી **વિશ્વકલ્યાણસૂરિજી** મ.સા.ની નિશ્રામાં **ઉછામણી** પ્રસંગે પૂજ્ય ગુરુદેવ પધાર્યા હતા.
- તા. ૧૮/૧૯-૧-૨૦૨૦માં **અમદાવાદ**માં પ્રથમ **ઈંટરનેશનલ જૈન કોન્ફરંસ** યોજાઈ તેમાં ગુરુદેવનું **'ચિરંજીવ વિચાર'** એ વિચારપત્ર વાંચવામાં આવ્યું. શ્રુતભવનની પ્રસ્તુતિ પણ થઈ.

## કાર્યવિવરણ

**શાસ્ત્ર સંશોધન** પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, ઋતુસંહાર ટીકા, તર્કભાષાચંદ્રિકા, વનસ્પતિસપ્તતિકા, ઉપદેશશત સહ ટીકા, અમરકોશ સહ ટીકા, પૃથ્વીચંદ્રચરિત્ર, અરિષ્ટનેમિજિનચરિત્ર, અનેકાર્થનામમાલા** સહ ટીકાનું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. આ. શ્રી **જગચ્ચંદ્રસૂ.** મ.સા (ડહેલાવાલા)ના શિષ્ય મુ. શ્રી. **નયજ્ઞવિજયજી** મ.સા. **શ્રી કનકકુશલગણિજીની કૃતિ**ઓ પર કાર્ય કરે છે.

**વર્ધમાન જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **યોગતિલકસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **રશ્મિરત્નસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **ઉદયરત્નસૂ.** મ.સા., પૂ. મુ. શ્રી **શીલરત્નવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **દેવર્ધિવલ્લભવિ.** મ.સા.(તપોવન), પૂ. મુ. શ્રી **કીર્તીદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **તીર્થયશવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **મંગલયશવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **શ્રુતસુંદરવિ.** મ.સા., પૂ. **નિરજ મુનિજી** મ.સા. (સાધુમાર્ગી સંપ્રદાય) તથા ડો. **શીતલ શાહ**ને હસ્તલિખિત પ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવ

- શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ટિંબર માર્કેટ, પુણે
- શ્રી કાંતીલાલજી ફત્તેચંદજી છાજેડ પરિવાર, પુણે
- શ્રી વાસુપૂજ્ય સ્વામી મીરા-આનંદ જૈન સંઘ, શંકરશેઠ રોડ, પુણે
- શ્રી જુહૂ સ્કીમ જૈન સંઘ, વીલેપાર્લે, મુંબઈ
- ફાલ્ગુની ધરમ છેડા
- શ્રી સિદ્ધાર્થ શાહ
- શ્રી વર્ધમાન સ્વામી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, સદાશિવ પેઠ, પુણે
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સાયન, મુંબઈ
- શ્રી ગોવાલિયા ટૈંક જૈન સંઘ, મુંબઈ
- શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ, માર્કેટ યાર્ડ, પુણે
- સ્વ. હંસાબેન વિનુભાઈ પોપટલાલ શાહ, અમદાવાદ
- આરટેક્સ ઍપરેલ્સ પરિવાર, અમદાવાદ
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગુલટેકડી, પુણે (શ્રાવિકા)
- શ્રી મુનિસુપાર્શ્વશાંતી જૈન સંઘ, ઈશા પેલેસ, પુણે (શ્રાવિકા)
- સૌ સોનાલીબેન ભૂપેંદ્રકુમાર ભિકમચંદજી ખિંવસરા, દાપોલી
- ડો. જ્યોતિબેન નિતિનભાઈ મહેતા, મોરબી-પુણે
- પ્રેમીલાબેન બુધાલાલ શાહની પુત્રવધુ સરયુબેનના આત્મશ્રેયાર્થ

## પ્રતિભાવ

તમારા દ્વારા ચાલતું શ્રુતસેવાનું આ ભગીરથ કાર્ય જોઇ ખૂબ આનંદ થયો. સમ્યક્ શ્રુતસેવાનું થતું આ કાર્ય અંતરથી સૌને અનુમોદનીય છે. તમારા પ્રયાસો થકી જૈન શાસનનો પ્રચ્છન્ન શ્રુતવારસો વધુને વધુ દીપ્તિમંત અને કીર્તિવંત બને.

પરમોપકારી પૂજ્યપાદશ્રીજીના આદર્શોને આંખ સામે રાખી શ્રુતસેવાના આ કાર્યમાં તમે ખૂબ આગળ વધો અને યાવત્ પરમપદને પામનારા બનો એજ અંતરની શુભકામનાને આશીર્વાદ.

**-વિજય પુણ્યપાલસૂરિ**

## પદાર્પણ

**શ્રુતભવનમાં** પૂ. આ. શ્રી **દિવ્યકીર્તિસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **હેમેંદ્રસૂ.** મ.સા., પૂ. મુ. શ્રી **આગમભૂષણ** મ.સા., પૂ. સા. શ્રી **નિર્મલદર્શનાશ્રીજી** મ.સા., પૂ. સા. શ્રી **નમિવર્ષાશ્રીજી** મ.સા., **શૈલા નીરદ દલાલ**, અમદાવાદ, શ્રી **ઋષભચંદ્ર જૈન** (નિર્દેશક, પ્રાકૃત જૈનશાસ્ત્ર અને અહિંસા શોધ સંસ્થાન), **મંજુલતાજી મંગલપ્રભાતજી લોઢા** (સંસ્થાપક અધ્યક્ષા, જૈનતીર્થ શ્રી લોઢાધામ, મુંબઈ), **રણજિતજી જૈન** (સંચાલક, જિતો ઍપેક્સ), **રમેશજી જૈન** (શ્રમણ આરોગ્યમ્), **કાંતીલાલજી કાંકરિયા, ધીરેંદ્રજી કુમાર**નું પદાર્પણ થયું.

## સુવાક્ય

अण्णाणं परमं दुक्खं, अण्णाणा जायते भयं।
अण्णाणमूलो संसारो, विविहो सव्वदेहिणं।।

-इसिभासियाइं २१।१

**અજ્ઞાન સહુથી મોટું દુઃખ છે.**
**અજ્ઞાનથી ભય જન્મે છે.**
**બધા જીવોના સંસારનું મૂળ અજ્ઞાન છે.**

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org


For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel